# સત્યમેવ જયતેમાં દર્શાવ્યા પ્રમાણેનો કિસ્સો સપાટીએ

## ચાર વર્ષની બાળકી સાથે પાપડ આપવાની લાલચ આપી કુચેષ્ટા કરાઈ: સલાહ મુજબ જ બાળકીએ બુમાબુમ કરી

અમદાવાદ, તા.૧૩

સત્યમેવ જયતેમાં રવીવારના રોજ બાળક સાથે કુચેષ્ટાનો કિસ્સો બતાવવામાં આવ્યો હતો. આ જ રીતનો એક કિસ્સો અમદાવાદમાં પણ બહાર આવ્યો છે. પરંતુ સત્યમેવ જયતેમાં બાળકોને વર્કશોપ દરમ્યાન સીખવવમાં આવેલી કેટલીક વાતોની જેમ આ ઘટનામાં પણ બહાદુર બાળકીએ બુમાબુમ કરી મુક્તા સમગ્ર મામલો બહાર આવ્યો હતો. ઘટનાની વિગતવાર માહિતી એવી છે કે શહેરના ઈસનપુર વિસ્તારમાં ચાર વર્ષની બાળકી પોતાના પરીવાર સાથે રહે છે. ગત તા.૧૦ના રોજ સાંજના સુમારે બાળકીને પડોશમાં રહેતા એક શખ્સે પાપડ આપવાના બહાને પોતાના ઘરે બોલાવી હતી. બાદમાં બાળકી પાપડની લાલચે તે શખ્સના ઘરમાં ગઈ હતી. ત્યારબાદ નરાધમ શખ્સે પોતાનું પોત પ્રકાશ્યુ હતું અને બાળકીના ગુપ્તાંગ પર હાથ ફેરવવા લાગ્યો હતો. જેથી બાળકીએ બુમાબુમ કરી મુકી હતી. ત્યારબાદ આસપાસના લોકો દોડી આવ્યા હતા. જ્યારે નરાધમ શખ્સ લોકોને જોઈ નાસી છુટ્યો હતો. ઘટનાની જાણ ઈસનપુર પોલીસને કરાતા પીઆઈ એજે ભગોરા સહિતની ટીમ ઘટના સ્થળે દોડી આવી હતી. આ અંગે બાળકીની માતાએ ઈસનપુર પોલીસ મથકે પડોશી શખ્સ વિરૂદ્ધ ફરીયાદ નોંધાવી છે. ઈસનપુર પોલીસે તેને ઝડપી પાડ્વા ચક્રો ગતીમાન કર્યા છે.

# વનબંધુ કલ્યાણ યોજના માટે ૧૭૮૩૮ કરોડની ફાળવણી


અમદાવાદ, તા.૧૩

રાજ્ય સરકારે આદિજાતિ વિકાસ માટે વનબંધુ કલ્યાણ યોજના દાખલ કરીને રૂપિયા ૧૭,૮૩૮ કરોડની ફાળવણી કરી છે. ભાજપની ગુજરાત સરકારે મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં છેલ્લા દસકાથી સર્વાંગી વિકાસની પકડેલી દિશાએ ગુજરાત સાર્વત્રિક જીવનમાં વિકાસ અને પ્રગતિનું આંદોલન ઉભું કર્યુ છે. સૌનો સાથ, સૌનો વિકાસના મંત્રથકી યુવાનો, મહિલાઓ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, ગ્રામવાસી, શહેરવાસી, કિસાનો, સાગરખેડૂ, ગરીબોને સરકાર પોતાના હિતના પગલા લઈ રહી છે તેનો વાસ્તવિક અહેસાસ થઈ રહ્યો છે તેને સરકાર અને ગુજરાત વિકાસ વિરોધી માનસિક્તાવાળા અસત્યમાં ફેરવી શકશે નહિ. તેમ ભાજપના પ્રદેશ મીડિયા ઈન્ચાર્જ ડૉ. જગદીશ ભાવસારે એક યાદીમાં જણાવ્યું છે.

તેમણે જણાવ્યુંછે કે ભાજપની ગુજરાત વિકાસની એકમાત્ર સ્પષ્ટનીતિને પરિણામે ગુજરાતની પ્રજાએ ૧૯૯૦ પછી સતત ભાજપને સત્તાના સૂત્રો સોંપ્યા છે અને કોંગ્રેસની નકારાત્મક નીતિઓને જાકારો આપ્યો છે. ભાગલા પાડો, રાજકરોની અંગ્રેજો દ્વારા વારસામાં મળેલી સત્તાનીતિને આધારે કોંગ્રેસે દેશની જનતાને મુર્ખબનાવી, વર્ષોસુધી શાસન કર્યુંપરંતુ, ગરીબો, વંચિતોનો વિકાસ કર્યો નથી તે દેશની પ્રજા જાણી ચૂકી છે.


તેમણે વધુમાં જણાવ્યું હતું કે ગુજરાત સરકારે અંબાજીની ઉમરગામ આદિજાતિ વિકાસ માટે વનબંધુ કલ્યાણ યોજના દાખલ કરી વિકાસના ફળ વન સુધી પહોંચાડવા ૧૭,૮૩૮ કરોડનુંખાસ આયોજન કર્યુંતેનાથી કોંગ્રેસના પેટમાં ચૂંક આવી છે. ગુજરાત વિધાનસભામાં ઉચ્ચા પદ પર આદિજાતિ વાકિસને સ્થાન આપ્યું તેનાથી કોંગ્રેસનો ગરાસ લુંટાઈ ગયો. શિક્ષણના વિકાસ માટે શિષ્યવૃત્તિ, સાયકલ, ગણવેશ સહાય, ઉચ્ચ અભ્યાસ માટેની શાળા-કોલેજ ખોલવી જેવા અસંખ્યા કામો અંબાજીથી ઉમરગામ સુધીના પ્ટામાં સરકારે કર્યો છે જેનાથી આખાયે વિસ્તારમાં વિકાસની બહેર ઉભી થઈ છે.


## વડીલોને વંદન
## અભિનંદન
### આજે જન્મદિવસ



રશ્મીકાંત પદ્મકાંત મહેતા
(૧૯૪૬)ફોન : ૨૩૨૨૦૦૩૮


## શબ્દાવલી - ૪૭૨૯



**આડી ચાવી**

૧. અગાઉથી, આગવા (૪)
૪. એક તુરિયા જેવું શાક (૩)
૭. આશ્ચર્ય, નવાઈ (૩)
૮. વજનીયા (૨)
૯. મદારી, વાદી (૩)
૧૦. લાડકુ, વહાલુ (૩)
૧૧. હરીફાઈ (૪)
૧૪. બગડેલું (૪)
૧૫. રંગ (૨)
૧૮. તલ્લીન (૨)
૧૯. હાથી (૨)
૨૦. કૂતરું (૨)
૨૧. ભાગોળ આગળનું મેદાન (૩)
૨૨. સગવડતાનું વિરોધી (૫)

**ઊભી ચાવી**

૧. કોલસાથી ચાલતી ગાડી (૪)
૨. કાઢી મૂક, ધકેલી દે (૫)
૩. સત્તા, રાજા કરે.... (૨)
૫. જૂઠ્ઠું બોલવાની ટેવવાળો (૩)
૬. સુવાવડમાં સ્ત્રીઓને અપાતું ગુંદરનું વસાણુ (૩)
૧૦. બાલકૃષ્ણને લાડમાં.... કહેવાય (૨)
૧૨. બરોડાનો એક જાણીતો વિસ્તાર (૫)
૧૩. વિમાન, ફુગ્ગા (૩)
૧૫. ફિયાન્સી, જેની સાથે સગાઈ થઈ હોય તેવી સ્ત્રી (૪)
૧૬. દૃષ્ટિ, લક્ષ, ધ્યાન (૪)
૧૭. ભરોસો (૩)
૨૧. ઉપકાર (૨)

### શબ્દાવલી ૪૭૨૮ના જવાબ

**આડી ચાવી :-** (૧) કન્યાદાન (૪) ખેદ (૬) સુતક (૭) કોચવાન (૯) તપકીર (૧૦) વાહર (૧૨) તાર (૧૩) રફ (૧૪) કંતાન (૧૫) માઠી (૧૬) પુન (૧૮) રાહગીર (૨૦) સરોજ (૨૧) ખટરાગ

**ઊભી ચાવી :-** (૧) કસુરવાર (૨) ન્યાત (૩) દાકતર (૪) ખેચર (૫) દવા (૭) કોકીલકંઠી (૮) નકાર (૧૧) હકલાહટ (૧૨) તાનપુરો (૧૫) મારગ (૧૭) નજર (૧૮) રાખ (૧૯) ગીરા (૨૦) સખ

# ગુજરાત ગ્રામ વિકાસ નિગમને બંધ કરવા સક્રિય વિચારણા

## અભ્યાસ કરી ભલામણ કરવા મંત્રીઓની સમિતિની રચના કરાઈ : નિગમને બંધ કરવા ૧૯૯૮માં નિર્ણય લેવાયેલ

ગાંધીનગર, તા. ૧૩

ગુજરાત ગ્રામ વિકાસ નિગમને બંધ કરવાની રાજ્યસરકારે સક્રિય વિચારણા હાથ ધરી છે. જેના ભાગરૂપે અભ્યાસ કરી ભલામણ સાથેનો અહેવાલ રજુ કરવા એક મંત્રીઓની પેટા સમીતીની રચના કરવામાં આવી છે.

પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ ગુજરાત રાજ્ય ગ્રામ વિકાસ નિગમ લી.ની સ્થાપનાથી આજ સુધીની કામગીરી નિગમની ઉત્તરોત્તર વધતી ખોટને ધ્યાને લઈને અગાઉ વર્ષ-૧૯૯૮માં નિગમને બંધ કરવાનો રાજ્ય સરકારે નિર્ણય લીધો હતો.

ત્યારબાદ નિગમને બંધ કરવા અંગેના અભિપ્રાય બાદ નિગમની ૨૬-૮-૨૦૦૮ના રોજ નિયામક મંડળની બેઠક મળી હતી. જેમાં નિગમને બંધ કરવા માટેનો ઠરાવ કરવામાં આવ્યો હતો. આ ઠરાવ અંગે સરકાર દ્વારા નિગમ બંધ કરવા થયેલ નિર્ણય અનુસાર એક દરખાસ્ત મંત્રીમંડળની બેઠકમાં રજુ કરવામાં આવી હતી. જો કે ૨૩-૫-૨૦૦૭ ની મંત્રી મંડળની મળેલી બેઠકમાં આ દરખાસ્ત મુલત્વી રાખવામાં આવી હતી.

**૨૦૦૭માં મંત્રીમંડળની બેઠકમાં દરખાસ્ત મુલત્વી રખાયેલી**

ત્યારબાદ રાજ્ય સરકાર દ્વારા આ નિગમને ખોખા કંપની તરીકે તબદીલ કરી નિગમને બંધ કરવા માટે થયેલ વિચારણા અનુસાર રાજ્ય સરકારને યોગ્ય ભલામણ કરવા અંગે એક સમિતિની રચના કરવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે.

આ નિર્ણય અંતર્ગત રાજ્ય સરકારે તાજેતરમાં જ રાજ્યના પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના મંત્રી નરોત્તમ પટેલના અધ્યક્ષપદે એક સમિતિની રચના કરવામાં આવી છે. આ સમિતિમાં શહેરી વિકાસ મંત્રી નીતિનભાઈ, આદિજાતિ મંત્રી મંગુભાઈ પટેલ, રાજ્યકક્ષાના પ્રાથણિક શિક્ષણ મંત્રી જયસિંહ ચૌહાણ અને સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના કલ્યાણ રાજ્યમંત્રી વાસણભાઈ આહીરનો સભ્ય તરીકે સમાવેશ કરવામાં આવ્યો છે.

આ સમિતિએ ગુજરાત રાજ્ય ગ્રામ વિકાસ નિગમને બંધ કરવા અંગેની દરખાસ્તનો અભ્યાસ કરીને આ નિગમને પુન કાર્યાન્વીત કરવું કે સંપૂર્ણ બંધ કરી દેવું એ અંગેની ભલામણ સાથેનો અહેવાલ રાજ્ય સરકારને સુપરત કરવાનો રહેશે.

અત્રે ઉલ્લેખનીય છે કે ગ્રામ વિકાસ નિગમ જંગી ખોટ કરી રહ્યું છે. ખોટમાંથી નિગમને ઉગારવું મુશ્કેલ છે. અને કર્મચારીઓના પગારનું આર્થિક ભારણ રાજ્ય સરકાર પર આવતું હોઈ આ નિગમને બંધ કરવાની સક્રિય વિચારણા હાથ ધરવામાં આવી છે.

# સેક્ટર-૨૩માં રખડતાં ઢોરોનો ત્રાસ : વસાહતીઓ ત્રાહિમામ

## કડી કેમ્પસની શાળાઓમાં જતાં-આવતાં વિદ્યાર્થીઓને ભારે હાલાકી

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર શહેરની ખૂબ જ મોટુ કેમ્પસ ધરાવતી નામાંકિત શાળા એટલે કડી સર્વ વિદ્યાલય શાળાઓમાં હમણાં વેકેશન છે, પણ શાળામાં સવાર અને બપોર પાલીના હજારો બાળકો શાળામાં આવે છે. સવારે શાળાના દરેક દરવાજા પાસે હકડેઠઠ ભીડ જામી હોય છે. રોડ સાવ પેક થઈ ગયો હોય છે ત્યારે આસપાસના રખડતા ઢોરો શાળામાં આવતા-જતા વિદ્યાર્થીઓને ભેટુ મારવા દોડે છે. પરિણામે બાળકો ખૂબ ગભરાય છે. પડી જાય છે, રડે છે અને લોહીલુહાણ થઈ જાય છે.

પ્રાપ્ત વિગત અનુસાર ઘ-૪ થી ઘ-૫ સુધીના વિસ્તારમાં રખડતા ઢોરો વધી ગયા છે. ગમે ત્યારે ગમે ત્યાં તમને ગાયો, ભેંસો અને આખલાનો ત્રાસ જોવા મળી જશે. કયારેક તો વળી, દ્વન્દ્વે ચઢેલા આખલાઓ રોડ પર અઢેલીને રસ્તો રોકી દે છે. કડી સર્વ વિદ્યાલયના ગેટ નં. ૮, ૯ તેમજ ગેટ નં. ૧, ૨ અને ૫, ૬ આગળ સવારે ૬.૩૦ થી ૭.૩૦ બપોરે ૧૨ થી ૧ અને સાંજે ૫ થી ૬ દરમિયાન વિદ્યાર્થીઓની, વાહનોની ખૂબ જ ભીડ હોય છે. આ સમયે કેટલાક રખડતા ઢોરો અહીંથી પસાર થાય ત્યારે એકાદ-બેને ભેટા મારીને જતા રહે છે. પણ કયારેક ઢોર ભડકે છે ત્યારે તો નાસભાગ મચાવી દે છે.

કડી સ્કૂલની પાસેના આ વિસ્તારમાં રખડતા ઢોર ખૂબ જ છે. હમણાં વેકેશનનો સમય હોવાથી કોઈ નાની મોટી ફરિયાદ નોંધવામાં આવી નથી. પરંતુ પરીક્ષાના સમયે ઘણીવાર રખડતા ઢોરોએ બાળકોને દોડાવ્યા, રડાવ્યા છે, ગભરાવ્યા છે. તંત્ર આ બાબતે યોગ્ય પગલા લે અને રખડતા ઢોરોને પકડીને પાંજરા પોળમાં મોકલી દે તેવું સ્થાનિકજનો અને વાલીગણે જણાવ્યું છે.

# ત્રીજા ચોથા તબક્કાના ગરીબ કલ્યાણ મેળામાં રૂ. ૨૭ કરોડનો જંગી ખર્ચ

ગાંધીનગર, તા.૧૩

રાજ્ય સરકાર દ્વારા રાજયમાં યોજવામાં આવેલા ત્રીજા અને ચોથા તબક્કાના ગરીબ કલ્યાણ મેળાઓમાં લાઈટ સાઉન્ડ અને સ્ટેજ પાછળ અંદાજે રૂ. ૧૦ કરોડ અને લોકોને લાવવા લઈ જવા માટે એસ.ટી. બસોની સેવા પાછળ રૂ. ૧૭.૪૩ કરોડનો જંગી ખર્ચ કરવામાં આવ્યો છે.

પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજય સરકાર દ્વારા વર્ષ ૨૦૧૧-૧૨ દરમિયાન ત્રીજા તબક્કાના ગરીબ કલ્યાણ મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. વર્ષ ૨૦૧૧-૧૨ દરમિયાન ત્રીજા તબક્કાના ૨૨૪ ગ્રામ્ય ગરીબ કલ્યાણ મેળા અ વર્ગની નગરપાલિકાના ૧૮ ગરીબ કલ્યાણ મેળા અને બ વર્ગની ૩૩ નગરપાલિકાના ગરીબ કલ્યાણ મેળાઓ માટે કુલ ૨૭૫ ગરીબ કલ્યાણ મેળાઓમાં લાઈટ-સાઉન્ડ સ્ટેજ અને તેને આનુષાંગિક કામગીરી માટે અંદાજે રૂ. ૫,૫૦,૦૦,૦૦૦નો ખર્ચ કરવા માટે ગ્રાન્ટ ફાળવવામાં આવી હતી.

આ ત્રીજા તબક્કાના ગરીબ કલ્યાણ મેળામાં લાભાર્થીઓને મેળાના સ્થળે લાવવા તથા લઈ જવા માટે ગુજરાત રાજય વાહન વ્યવહાર નિગમની બસો ઉપયોગમાં લેવામાં આવી હતી. એક ગરીબ કલ્યાણ મેળા દીઠ અંદાજે ૫૦ જેટલી બસોની મર્યાદા નક્કી કરવામાં આવી હતી. એસ.ટી. નિગમને આ બસોના ભાડા પેટે એક બસના રૂ. ૭૦૦૦ લેખે રૂ. ૯,૬૨,૫૦,૦૦૦ ચૂકવવાના થતાં હતાં પરંતુ વર્ષ ૨૦૧૧-૧૨ દરમિયાન આ રકમ એસ.ટી. નિગમને ચૂકવાઈ શકાય ન હતી આથી આ રકમ નિગમને ચૂકવવા માટે વર્ષ ૨૦૧૨-૧૩ના અંદાજપત્રમાં આ અંગે જોગવાઈ કરીને નાણાં ફાળવવામાં આવ્યા છે.

આ ઉપરાંત ચોથા તબક્કામાં કુલ ૨૨૩ ગરીબ કલ્યાણ મેળા યોજવાનું નક્કી કરવામાં આવ્યું હતું. જેમાં આઠ મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારમાં ૭ ગરીબ કલ્યાણ મેળા યોજવામાં આવ્યા હતા જયારે બાકીના ગરીબ કલ્યાણ અન્ય વિસ્તારમાં યોજવામાં આવ્યા હતાં.

વર્ષ ૨૦૧૨-૧૩ દરમિયાન ૨૨૩ ગરીબ કલ્યાણ મેળાઓના આયોજન માટે પ્રત્યેક ગરીબ કલ્યાણ મેળા દીઠ રૂ. ૧,૯૯,૪૦૦ લેખે ૨૨૩ ગરીબ કલ્યાણ મેળા માટે રૂ. ૪,૪૪,૬૬,૨૦૦નો ખર્ચ કરવામાં આવ્યો છે.

જયારે આ ૨૨૩ ગરીબ કલ્યાણ મેળામાં મેળાદીઠ ૫૦ બસની મર્યાદામાં એક બસ દીઠ રૂ. ૭૦૦૦ લેખે રૂ. ૭,૮૦,૫૦,૦૦૦નો ખર્ચ કરવામાં આવ્યો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે રાજય સરકારના વિવિધ વિભાગો ખાતા બેંકો તથા વિકાસલક્ષી કોર્પોરેશન દ્વારા અમલ કરાતી યોજનાઓ અને કાર્યક્રમોના લાભોનું ગરીબ કલ્યાણ મેળા યોજીને લાભાર્થીઓને સીધા જ લાભ એક જ સમય અને સ્થળેથી આપવાની યોજના અન્વયે જુદા જુદા જિલ્લાઓમાં ગરીબ કલ્યાણ મેળાઓ યોજવામાં આવે છે.

ગરીબ કલ્યાણ મેળામાં લાઈટ સાઉન્ડ સ્ટેજ પાછળ થતાં જંગી ખર્ચાને અટકાવવા મેળાઓ કરકસરપૂર્વક યોજાય તે માટે ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિના હોલ, કોઈ ટ્રસ્ટના સારા હોલનો ઉપયોગ કરવા માટે વિભાગને સૂચના આપવામાં આવી છે. તાજેતરમાં જ મુખ્ય સચિવના અધ્યક્ષપદે મળેલી બેઠકમાં ઉપર મુજબનું સૂચન કરવામાં આવ્યું હતું.

## કંપની સમાચાર

### વાયએમસીએ ઈન્ટરનેશનલ સેન્ટર અમદાવાદમાં પ્રારંભ

વાયએમસીએ અમદાવાદનાં પ્રેસીડેન્ટ શ્રી જોહન જી. વર્ગીસે અમદાવાદ ખાતે વાયએમસીએ સેન્ટર વિશે માહિતી આપતા જણાવ્યું કે, વાયએમસીએના વિશ્વભરમાં ૧૨૦થી પણ વધુ દેશોમાં ૧૫૦૦૦ કરતાં પણ વધારે સેન્ટરો આવેલા છે. વાયએમસીએ ઈન્ટરનેશનલ સેન્ટર અમદાવાદ એસ.જી. રોડ ઉપર અદ્યતન સુવિધાઓ સાથે ખુબ જ ટૂંકા ગાળામાં તૈયાર થયેલું છે. જેમાં સ્પોર્ટસ તેમજ આનંદ-પ્રમોદની પ્રવૃતિઓ મુખ્યત્વે છે. ઉપરોકત સેન્ટર માટે લંડન સ્થિત આર્કિટેકચર ફર્મ મે. લુઈસ એન્ડ હેઈકી ને રોકવામાં આવેલ. તેઓએ ઈન્ટરનેશનલ કક્ષાનું સેન્ટર તૈયાર કરેલ છે. જેમાં દેશભરનો પ્રથમ હરોળનો બેન્કવેટ હોલ તૈયાર કરેલ છે. જે અમદાવાદ માટે ગૌરવરૂપ છે. જેમાં ૨૦,૦૦૦ ફુટ કોલમલેસ હોલ ૩૦ ફુટ ઉંચાઈ સાથે બનાવેલ છે. જેની ક્ષમતા ૨,૦૦૦ વ્યક્તિઓને સમાવી શકાય તેટલી છે જે અમદાવાદમાં આકર્ષણ બને છે. તદ્ઉપરાંત દરેક સિઝનમાં વાપરી શકાય તેવો ટેમ્પરેચર કંન્ટ્રોલ સ્વિમીંગ પુલ તેમજ સ્પોર્ટસ પ્રેમીઓ માટે અદ્યતન સુવિધાઓ ધરાવતો સ્પોર્ટસ હોલ (એ.સી.) તૈયાર કરેલ છે જેમાં એક સાથે પાંચ બેડમિન્ટન ટુર્નામેન્ટ રમાડી શકાય તેમ છે. તદ્ઉપરાંત તેમાં ૨૫૦ માણસ બેસી શકે તેવી સ્ટેડીયમ આકારની બેઠક વ્યવસ્થા કરેલ છે. આ જ હોલમાં વોલીબોલ પણ રમી શકાશે, જે સગવડ અમદાવાદનાં આંગણે સર્વ પ્રથમવાર હશે.

## વીઝોલ ગામે સાપ કરડતા એક યુવાનનું મોત

અમદાવાદ, તા.૧૩

શહેરના છેવાડા આવેલા વીઝોલ ગામમાં સાપ કરડતા ૧૮ વર્ષીય યુવાનું કમકમાટી ભર્યું મોત થયું છે. આ અંગે વટવા જીઆઈડીસી પોલીસે ગુનો નોંધ્યો છે. ઘટનાની વિગતવારની માહિતી એવી છે કે વીઝોલ ગામ ટેકરાવાળા ફળીયા ખાતે ૧૮ વર્ષીય યુવરાજસીંહ નટવરસીંહ રાઠોડ પોતાના પરીવાર સાથે રહેતો હતો. ગત તા.૫ના રોજ બપોરના સુમારે યુવરાજસીંહ પોતાના ખેતરમાં કામ કરતો હતો. દરમ્યાનમાં અચાનક તેને સાપ કરડી ગયો હતો. જેથી તાબડતોબ સારવાર માટે તેને એલજી હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. જ્યાં શુક્રવારે રાત્રે ૧૧.૦૦ વાગે રાત્રે યુવરાજસીંહનું મોત થયુ હતું.

# ગોટાળો @ ગાંધીનગર.કોમ

## ગાંધીનગરનું નહીં, ઉત્સવોનું નગર... એ પણ સરકારી પ્રકારના

આપણો દેશ, આપણું રાજય અને આપણું નગર ઉત્સવો અને તહેવારોમાં સમગ્ર વિશ્વમાં અગ્રેસર છે. ગુજરાત માટે તો કહેવાયું છે કે અમે ઉત્સવ ઘેલા ગુજરાતી . ગુજરાતીઓ તો ઉત્સવ ઘેલા છે જ... પણ આ ગુજરાતની સરકાર આપણા નગરની -જાને નવા નવા ઉત્સવોમાં પરાણે ઘેલા કરવા કમર કસી રહી છે. આપણો ગંભીર તો ક્યારેક ક્યારેક કહે જ છે કે, ગાંધીનું આ નગર હવે ગાંધીનું નહી પણ ઉત્સવોનું નગર બની ગયું છે. દર અઠવાડીયે ગાંધીનરમાં એક ઉત્સવ ઉજવાય છે એ પણ -જાની ખરેખરી હાજરી વગર... કૃષિ મહોત્સવ, શુભપર્વ, સ્વર્ણિમ વર્ષ, ગુજરાત સ્થાપના દીન, ઈન્વેસ્ટર સમીટ, -વેશોત્સવ વગેરે વગેરે... જે ઉત્સવો કે તહેવારો આપણી સંસ્કૃતિ સાથે સંકળાયેલા છે તેનો ક્રેઝ હવે શહેરમાં રહ્યો નથી. આતશબાજી અને સજાવટ માત્ર સરકારી ઉત્સવોમાં જોવા મળી રહી છે. જાગો ગાંધીનગરા જાગો...

**દાયકા પહેલાની માન્યતાને તોડી:** એક દાયકા પહેલા આપણું નગર ઉત્સવો છોડીને બધી જ બાબતોમાં અગ્રેસર હતું. પરંતુ શ્રી મોદીજીની સરકારે આ માન્યતાઓને તોડવામાં પણ હરણફાળ ભરી પાટનગરને ઉત્સવોમાં પણ અગ્રેસર બનાવી દીધું છે. સરાકારી ચોપડે નોંધાતા નીતનવા ઉત્સવોની ઉજવણીમાં શહેરને પરાણે ભાગીદાર બનાવવામાં આવે છે. દુલ્હનની જેમ શહેરને સજાવી ગુજરાતની સંસ્કૃતિને -જા સમક્ષ મુકવામાં આવે છે. પરંતુ એમાં શહેરની -જાને સહેજ પણ રસ પડતો નથી. ઉ.દા. સ્વર્ણિમ સમાપન -સંગ વગેરે...

**જી.આર.માં સમાવિષ્ટ ઉત્સવોની જ ઉજવણી:** શહેરમાં ઉજવાતા ઉત્સવોનું પણ સરકારીકરણ થઈ ગયું છે. જે ઉત્સવોનો સમાવેશ જી.આર.માં હોતો નથી તેના પર સરકાર કોઈ જ -કારનું ધ્યાન આપતી નથી. પાટનગરની -જા હોળી, દિવાળી કે ઉત્તારાયણ ઉજવે કે ના ઉજવે પણ સચિવાલયમાં જી.આર. થયેલા ઉત્સવ તો એમણે ઉજવવા જ પડે... સરકારે એમ.ઓ.યુ. તો કરી જ દીધા છે ને. ઉદા- વાયબ્રન્ટ ગુજરાત સમીટ

**આપણા પરંપરાગત ઉત્સવોમાં લાલ ઝંડી:** સરકારી કાર્યક્રમો અને ઉત્સવોમાં લાઉડ સ્પીકરની કે બીજી કોઈ બાધા હોતી નથી. પરંતુ શહેરમાં નવરાત્રી -સંગે રાત્રે ૧૨ વાગે પોલીસની ગાડી આંટા મારવાનું શરૂ કરી દે છે. માંડ અડધો કલાક ગરબા રમીનેઁ ચલતી પકડી હોય ને તરત ખાખી કપડામાઁ પડતી આવીને મૂડની પથારી ફેરવી કાઢે છે. સરકારી ઉત્સવોમાં આવી કોઈ જ આચારસંહિતા નડતી નથી...

**આતશબાજીના નામે સરકારનું એક સ્તુત્ય કામ:** વાયબ્રન્ટ સમીટ હોય કે ગુજરાત રાજયનો સ્થાપના દીન, શહેરમાં આતશબાજી તો જરૂરથી કરવામાં આવે છે. એ પણ સેન્ટ્રલ વિસ્ટા(સ્વર્ણિમ પાર્ક)માં... એની પાછળનું મુખ્ય કારણ એ છે કે સરકાર ગાંધીનગરને મચ્છર ફ્રી બનાવવા માંગે છે. સંપૂર્ણ ઘાસના બનેલા આ સ્વર્ણિમ પાર્કમાં જીવ-જંતુ અને મચ્છરોનો ઉપદ્રવ વધી રહ્યો છે. એટલે દર મહિને એક મોટો ઉત્સવ કરી કરોડો રૂપિયાનો ખર્ચો કરી મચ્છરોને શહેરમાંથી હાંકી કાઢવા માટે મસમોટી આતશબાજી કરવામાં આવે છે.

**-જાને ટ્રાફિકના પાઠ:** શહેરમાં ઉજવાતા સરકારી ઉત્સવોમાં જયારે મુખ્યમંત્રી કે તેમનાથી કોઈ મોટી હસ્તી આવવાની હોય છે ત્યારે અવારનવાર ટ્રાફિકથી ભરચક ચ-રોડ કે ઘ-રોડ પર બ્લોક કરવામાં આવે છે. તેની પાછળનું મુખ્ય કારણ એ છે કે શહેરની -જામાં ટ્રાફિક સેન્સ નથી એટલે સરકાર આડકતરી રીતે રસ્તાઓ બ્લોક કરીને -જાને ટ્રાફિક સેન્સ શિખવાડે છે.

આપણી સરકાર ખુબ જ સારી અને ચપળ છે. ગાંધીજીના નામે વસેલા આ નગરની ઓળખ ઉત્સવોના નામે ન થાય અને મહાત્માજીને ખોટુ પણ ન લાગે તે રીતે બધા જ ઉત્સવો ગાંધીજી બાવલા અને મહાત્મા મંદીરની સામે કરવામાં કરવામાં આવે છે.

- ધર્મદીપસિંહ રાઓલ

www.gotadogandhinagarno.blogspot.com

# સમાચાર ઝલક

- ગાડીનો હપ્તો નહીં ભરવાના મામલે વડોદરામાં પોઈન્ટ બ્લેક રેન્જથી ત્રણ રાઉન્ડ ફાયરીંગ.
- વડોદરા પોલીસલાઈન સામે ગણપતિ મંદિરમાંથી દાનપેટી ઉઠાવી જતાં તસ્કરો.
- સેલવાસની બે યુવતીઓ સાથે યુવક દાપુસ ધોધમાં ડુબ્યો.
- નડિયાદમાં ગેસ સિલીન્ડરમાં લીકેજ થતા આગ ફાટી નીકળી.
- ગોધરામાં સ્ટીલ કંપનીનું બોઈલર ફાટતા સાત શખ્સો દાઝયા.
- દાહોદ ખાતે સાંસી કોમના બે જુથો વચ્ચે હિંસક અથડામણ.
- વેરાવળમાં મુસ્લિમ છાત્રોના સન્માન સમારોહમાં વ્યસન મુકિતનો સંકલ્પ.
- રાધનપુર-સાંતલપુરમાં ગાજવીજ સાથે વરસાદ.
- દિયોદર, ભાભર, વાવ અને થરા પંથકમાં કરા સાથે વરસાદ.
- ધનસુરામાં કારનો કાચ તોડી એક લાખની ચોરી.
- પાલનપુરના વેપારીને લૂંટીને ભાગી રહેલો શખ્સ ઝડપાયો.
- વેંણપુર પાસેથી ૪૧ લાખના વિદેશી દારૂ સાથે ત્રણની અટકાયત.


## બેસણું



મારાં ધર્મપત્ની શ્રીમતી પ્રતિમા હરેશભાઈ નિમાવત (નિવૃત્ત ડૅપ્યુટી સૅક્રેટરી, ફાઈનાન્સ)નું તા. ૧૨ મે, ૨૦૧૨ના રોજ દુઃખદ અવસાન થયું છે. સદ્ગતનું બેસણું નીચેની વિગતે રાખવામાં આવ્યું છે.

લિ. હરેશ જમનાદાસ નિમાવત
(નિવૃત્ત ડેપ્યુટી સેક્રેટરી, ફાઈનાન્સ)

તારીખ : ૧૪ મે, ૨૦૧૨; સોમવાર ● સમય : સવારે ૮ થી ૧૦

સ્થળ : સોરઠીયા બ્રહ્મક્ષત્રિય પંચની વાડી, પ્રાણજીવન હોલ પાસે, ભૈરવનાથ રોડ, પુષ્પકુંજ, કાંકરિયા, અમદાવાદ